Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં. કેસીજી/શોધ/૨૦૨૦-૨૧/2555 તા.૨૨/૦૧/૨૦૨૧

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી
તમામ યુનિવર્સિટી
ગુજરાત રાજ્ય

વિષય: શોધ યોજના વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત નવી અરજીઓ અને શોધ યોજનાની જાહેરાતનું પોસ્ટર યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ વિવિધ સંલગ્ન વિભાગોના નોટીસ બોર્ડ પર પ્રકાશિત કરવા બાબત

સ્નેહીશ્રી,

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ"(Scheme of Developing High Quality Research) યોજના શરુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટેની નવી અરજીઓ મંગાવવાની પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી તા.૧૦/૧૨/૨૦૨૦થી શરૂ કરવામાં આવી છે. જેની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૧ છે. વિદ્યાર્થીઓએ https://mysy.guj.nic.in/shodh/ વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન અરજી કરવાની હોય છે. જેની જાહેરાતનું પોસ્ટર આ સાથે બીડાણમાં સામેલ છે.

રાજ્યમાં પીએચ.ડી. કરતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત અરજી કરવા પ્રેરાય તેમજ આ યોજનાનો મહત્તમ પ્રમાણમાં લાભ મેળવી શકે તે માટે યુનિવર્સિટી પોતાની વેબસાઈટ તેમજ તમામ સંલગ્ન ડીપાર્ટમેન્ટ/કોલેજોને નોટીસ બોર્ડ પર શોધ યોજનાનું પોસ્ટર પ્રકાશિત કરે તેવી સૂચના આપવા વિનંતી છે. ઓનલાઈન અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૨૮/૦૨/૨૦૨૦ છે. આ તારીખ સુધીમાં RDCની મીટીંગ બાકી હોય તો, તે સમાપ્ત કરીને બધા વિષયના વિદ્યાર્થીના RDCના પરિણામ સમયમર્યાદામાં આપવા જેથી તેઓ રજીસ્ટર્ડ વિષય/ટાઈટલ સાથે શોધ યોજના માટે અરજી કરી શકે. તેથી છેલ્લી તારીખ પેહલા તમામ ફૂલ ટાઇમ રેગ્યુલર મોડમાં પીએચ.ડી. કરવા માંગતા વિદ્યાર્થીઓને આ બાબતની જાણ થાય તે માટે યુનિવર્સિટી તરફથી પોસ્ટર મુકવાની તથા RDC દ્વારા થતી પ્રક્રિયા શક્ય હોય તેટલી ત્વરિત કરવા વિનંતી. વિદ્યાર્થીઓને તેમના પાત્રતાના ધોરણો અને યોજના સંબંધિત અન્ય માહિતી મળી રહે તે માટે શોધ યોજનાના ઠરાવની નકલ પણ આ સાથે બીડેલ છે.

આભાર સહ,

પ્રો.એ.યુ.પટેલ, 22-1-21
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ:

1. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯
2. શોધ યોજનાની જાહેરાત માટેનું પોસ્ટર

નકલ રવાના:

1. નોડલ ઓફિસ- શોધ